**<u>લોકસભા / વિધાનસભાની સામાન્ય / પેટાચૂંટણીમાં ચૂંટણી ફરજ પર નિયુકત અધિકારી / કર્મચારીઓને ફરજ દરમિયાન અવસાન/ ઈજા થાય તેવા કિસ્સામાં ઉચ્ચક વળતર (Ex-gratia Compensation)ની ચુકવણીના દરમાં વધારો કરવા બાબત.</u>**

**ગુજરાત સરકાર**

સામાન્ય વહીવટ વિભાગ

ઠરાવ ક્રમાંક–ઈએલસી/૧૦૨૦૧૪/ઈસીઆઈ–૬૨/છ (એમસીસી)

સચિવાલય,ગાંધીનગર.

**તા.૧.૫.૨૦૧૯**

**વંચાણે લીધા :–** (૧) ભારતના ચૂંટણી પંચ,નવી દિલ્હીનો તા.૮.૧૦.૧૯૯૬ના અ.સ.પત્રાંક–૨૧૮/૬/પીએસ/૨

(૨) ભારતના ચૂંટણી પંચ,નવી દિલ્હીનો તા.૧૭.૨.૨૦૦૯નો પત્રાંક–૨૧૮/૬/૨૦૦૯/ઈપીએસ

(૩) સા.વ.વિભાગનો તા.૨૮.૪.૨૦૦૯નો ઠરાવ ક્રમાંક – ઈએલસી/૨૨૯૬/૧૨૪૭(૨)/છ

(૪) ભારતના ચૂંટણી પંચ,નવી દિલ્હીનો તા.૨૫.૩.૨૦૧૪નો પત્રાંક–૨૧૮/૬/૨૦૧૪/ઈપીએસ

(૫) સા.વ.વિભાગનો તા.૨૬.૪.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક –ઈએલસી/૧૦૨૦૧૪/ઈસીઆઈ – ૬૨(૨)/છ(એમસીસી)

(૬) સા.વ.વિભાગનો તા.૭.૫.૨૦૧૪નો સુધારા ઠરાવ ક્રમાંક –ઈએલસી/૧૦૨૦૧૪/ઈસીઆઈ – ૬૨ (૨)/છ(એમસીસી)

(૭) ભારતના ચૂંટણી પંચ,નવી દિલ્હીનો તા.૧૦.૪.૨૦૧૯નો પત્રાંક–૨૧૮/૬/૨૦૧૯/ઈપીએસ

## ઠરાવ :–

<u>૧.</u> લોકસભા/વિધાનસભાની સામાન્ય/પેટા ચૂંટણી દરમિયાન ચૂંટણી ફરજ પર હોય તેવા અધિકારીઓ/કર્મચારીઓ ઈજા પામે અગર અવસાન પામે તેવા સંજોગોમાં ઈજાગ્રસ્તને/ સ્વર્ગસ્થ કર્મચારી/અધિકારીના પરિવારને વાજબી અને યોગ્ય ઉચ્ચક વળતર(Ex-gratia Compensation) ચૂકવવા માટેની નીતિ નકકી કરવા માટે વંચાણમાં લીધેલા ક્રમ નંબર–૧ સામે દર્શાવેલા પત્રથી ચૂંટણી પંચ,નવી દિલ્હી ધ્વારા સૂચના આપવામાં આવેલી છે. આ અનુસંધાને છેલ્લે, ચૂંટણી પંચના વંચાણે લીધેલા ક્રમ –૪ પરના પત્રથી ઉચ્ચક વળતરની ન્યુનતમ રકમ નકકી કરવામાં આવેલી હતી અને કર્મચારી/અધિકારીને "ચૂંટણી ફરજ" પર કયારે ગણવા તેની વિગતવાર સમજૂતી આપવામાં આવેલ હતી, જે અનુસંધાને, અત્રેથી વંચાણે લીધેલા ક્રમ – ૩ પરના ઠરાવથી વિગતવાર જરૂરી હુકમો કરવામાં આવેલ છે.

<u>૨.</u> ઉપર્યુકત અનુસંધાને, ભારતના ચૂંટણી પંચ ધ્વારા વંચાણે લીધેલા ક્રમ –૭ પરના પત્રથી ઉચ્ચક વળતર (Ex-gratia Compensation)ની ન્યુનતમ રકમના દરમાં વધારો કરવામાં આવેલ હોઈ, તદ્અનુસાર, રાજયમાં લોકસભા/વિધાનસભાની સામાન્ય, મધ્યસત્ર, પેટા ચૂંટણી દરમ્યાન રાજય સરકાર/કેન્દ્ર સરકારની કચેરીઓ, બોર્ડ, નિગમ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કે રાજય સ્થિત અન્ય અર્ધસરકારી કચેરીઓ/બેન્ક/જીવન વીમા નિગમ વગેરેના

અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓની સેવાઓ ચૂંટણી કામગીરી માટે લેવામાં આવે છે, તેઓ પૈકી કોઈ અધિકારી/કર્મચારીને ચૂંટણી ફરજ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવને પરિણામે કે મતદાન મથકે જતાં કે આવતાં વાહનને અકસ્માત થવાથી ઈજા અગર અવસાન થવાના કિસ્સામાં કે હૃદયરોગ કે અન્ય કોઈ જીવલેણ રોગના કારણે ચૂંટણી ફરજ દરમિયાન ઈજા અગર અવસાન થવાના કિસ્સામાં ઉચ્ચક વળતર (Ex-gratia Compensation)ની ચૂકવણીના દરો ભારતના ચૂંટણી પંચે નકકી કરેલા દરની સમકક્ષ વધારવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. જે અન્વયે, કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ચૂંટણી ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને ઈજા/અવસાનના કિસ્સામાં હવે, ઉચ્ચક વળતર (Ex-gratia Compensation)ના દરો વધારીને આથી, નીચે દર્શાવ્યા મુજબ ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | ઉચ્ચક વળતર (Ex-gratia Compensation) |
|---|---|---|
| ૧ | અવસાન | ન્યુનતમ રૂપિયા **<u>૧૫.૦૦</u> લાખ**<br>(અંકે રૂપિયા **<u>પંદર લાખ</u>** પૂરા) |
| | | ઉગ્રવાદીઓ અથવા અસામાજિક તત્વો દ્વારા આચરવામાં આવતાં હિંસાત્મક કૃત્યો જેવા કે, ભૂમિગત સુરંગ, બોમ્બ ધડાકા, સશસ્ત્ર હુમલા વગેરેને લીધે અવસાન થવાના કિસ્સામાં મૃતકના પરિવાર/વારસદારને રુ. **<u>૩૦.૦૦ લાખ</u>** (અંકે રુપિયા **<u>ત્રીસ લાખ</u>** પુરા) |
| ૨ | કાયમી અશકિત<br>(જેવી કે હાથ/પગ–અવયવો ગુમાવવા/ દ્રષ્ટિ ગુમાવવી ) | ન્યુનતમ રૂપિયા **<u>૭.૫</u>** લાખ સુધી<br>(અંકે રૂપિયા **<u>સાડા સાત લાખ</u>** પૂરા)<br>(સરકારી હોસ્પિટલના સક્ષમ તબીબી અધિકારીના તબીબી પ્રમાણપત્રના આધારે) |
| | | ઉગ્રવાદીઓ અથવા અસામાજિક તત્વો દ્વારા આચરવામાં આવતાં હિંસાત્મક કૃત્યો જેવા કે, ભૂમિગત સુરંગ, બોમ્બ ધડાકા, સશસ્ત્ર હુમલા વગેરેને લીધે ઈજા થવાના કિસ્સામાં ઈજાગ્રસ્તને રુ. **<u>૧૫.૦૦</u> લાખ** (અંકે રુપિયા **<u>પંદર લાખ</u>** પુરા)<br>(સરકારી હોસ્પિટલના સક્ષમ તબીબી અધિકારીના તબીબી પ્રમાણપત્રના આધારે) |

<u>૩.</u> ઉપર્યુકત વિગતે વધારેલ દરે ઉચ્ચક વળતરની ચૂકવણી અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૬.૪.૨૦૧૪ વિભાગના સમાનાંકી ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ, સૂચનાઓ અને શરતો યથાવત રહે છે.

<u>૪.</u> ભારતના ચૂંટણી પંચની સુચનાઓ અન્વયે ચૂંટણી ફરજ પર હોય તેવા રાજયમાં ચૂંટણી ફરજ માટે રાજય બહારથી આવતા તમામ પ્રકારનાં સલામતી દળો, જેમ કે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો તથા અન્ય રાજયનાં સશસ્ત્ર પોલીસ દળો(CAPFs/SAPs etc) ઉપરાંત ખાનગી વ્યકિતઓ જેમ કે ચૂંટણી કામ માટે ભાડે લેવાયેલ વાહનોનાં ડ્રાઈવર/કલીનરવગેરેને પણ ચૂંટણી ફરજ પર ઈજા–અવસાન થયેથી ઉચ્ચક વળતર(Ex-gratia

Compensation) ચૂકવવા પાત્ર વ્યક્તિઓની યાદીમાં આવરી લેવાયેલ હોઈ, આ ઠરાવની જોગવાઈઓ તેઓનાં કિસ્સામાં પણ લાગુ પડશે.

**૫.** આ ઠરાવ લોકસભા સામાન્ય ચૂંટણીની જાહેરાતની તારીખ એટલે કે **તા.૧૦.૩.૨૦૧૯** થી અમલમાં આવશે.

**૬.** આ અંગેનો ખર્ચ લોકસભા/ વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજાય તો તે કિસ્સામાં માંગણી ક્રમાંક ૩૧–ચૂંટણી, મુખ્ય સદરઃ ૨૦૧૫– ચૂંટણીઓ,(૧૦૪) લોકસભા/વિધાનસભાની સમકાલીન ચૂંટણી યોજવાનો ખર્ચ, આયોજન બહાર સદર હેઠળ, લોકસભાની ચૂંટણીઓના કિસ્સામાં માંગણી ક્રમાંક ૩૧–ચૂંટણી,મુખ્ય સદરઃ ૨૦૧૫ ચૂંટણીઓ– (૧૦૫) –લોકસભાની ચૂંટણી સંચાલનનો ખર્ચ, આયોજન બહાર સદર હેઠળ અને વિધાનસભાની ચૂંટણીના કિસ્સામાં માંગણી ક્રમાંક ૩૧–ચૂંટણી,મુખ્ય સદર :૨૦૧૫– ચૂંટણીઓ (૧૦૬)– વિધાનસભાની ચૂંટણી સંચાલનની ખર્ચ આયોજન બહાર સદર હેઠળ ઉધારવાનો રહેશે.

**૭.** આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦.૪.૨૦૧૯ ની નોંધ તેમજ સરકારશ્રીની તા.૩૦.૪.૨૦૧૯ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( નીતિન આચાર્ય )**
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રી/રાજય કક્ષાના મંત્રીશ્રીઓના કાર્યાલયો, સચિવાલય,ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સામાન્ય વહીવટ વિભાગની તમામ શાખાઓ.
- નાણા વિભાગ, ચ.શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ– સંસદીય મતવિભાગ/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ–સંસદીય મતવિભાગ.
- સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ– વિધાનસભા મતવિભાગ/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ–વિધાનસભા મતવિભાગ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ ખાતાના વડાઓ.
- તમામ જિલ્લા તિજોરી કચેરીઓ.
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.